Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## પર્યુષણાંક



ધર્મપ્રેમી સજ્જનો પુનિત પદે પધારજો,
અંતર આભાર પુષ્પ અર્પીએ સ્વીકારજો.... ધર્મ૦
સત્યકાર્યમાંહિ સાથ આપી સાધનોથી સહાય આપી,
આશીષ એમ અંતરની શુભ સર્વથા થજો.... ધર્મ૦
ભૂત પ્રાણી સુખી થાઓ, વેર દ્વેષ સમી જાઓ,
અહિંસા અવનીમાં છાઓ, ધર્મ વિજયી થજો.... ધર્મ

"સીતારામ"

પુસ્તક ૯૬ મું અંક ૧૦-૧૧ ૭મી સપ્ટેમ્બર ૧૯૭૭ વીર ૨૫૦૩ વિક્રમ સંવત ૨૦૩૩

### શ્રાવણ - ભાદરવો

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૬ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬ ૫૦

## —: अनुक्रमणिक :—


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | પ્રભુ પ્રાર્થના | "સીતારામ" | ૩ |
| ૨. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૪ |
| ૩. | ઉત્તમ સંપતિ ચરિત્ર | લેખકા ડેહલાવાળા | ૬ |
| ૪. | સતી મૃગાવતી | અનુ. હિમાંશુ રમણીકલાલ મહેતા | ૮ |
| ૫. | રાજપ્રસાદી | અમરચંદ માવજી | ૧૦ |
| ૬. | શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૧૪ |
| ૭. | વિશ્વમાન્ય ધર્મ | શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૫ |
| ૮. | શ્રી સિમંધર | મુની ચરણવિજયજી | ૧૬ |



## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## વિદ્યાર્થિની શિષ્યવૃતિ ૧૯૭૭

સને ૧૯૭૭ ના માર્ચમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ. એસ સી ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક એક જૈન વિદ્યાર્થીનીને રૂા. ૩૦૦-૦૦ ની શ્રીમતિ લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ આપવાની છે એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫ મી સપ્ટેમ્બર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૭ મું
અંક ૧૦

શ્રાવણ

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૩

## * પ્રભુ પ્રાર્થના *

(રાગ–પીલુ બરવા–તરજ)

મંગલમય સુદબાર મનમંદિરીએ, પ્રગટો શ્રી મહાવીર,
તારક ધારક જિન ધર્મતણા મહા, તીર્થંકર તપધીર.
જિતેંદ્રિય જ્યોતિર્ધર જિનવર, ત્યાગમૂર્તિ સંયમ સાધક નર.
શુભ સ્યાદ્વાદ શાસન શાસક, સંચાલક શ્રી મહાવીર તારક.
કર્મમાર્ગ પર પ્રખર પ્રકાશક, પરમ ધર્મ અહિંસા ઉદ્ધારક.
અજ્ઞાનતિમિરહર, જ્ઞાન પ્રભાકર સિદ્ધ શ્રેષ્ઠ મહાવીર. તારક

"સીતારામ"

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી**

તે મારા સાંભળવામાં આવ્યો અને તે સાંભળીને વિભીષણે તમને અને રાજા જનકને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી તે પણ મેં સાંભળી. હવે તે મહાભુજ અલ્પ-સમયમાં જ અહીં આવી પહોંચશે. આ સર્વ વૃત્તાંત જાણી તમારી સાથેની સાધર્મિક પણાની પ્રીતિને લીધે લંકાપુરીથી હું સંભ્રમસહિત ઉતાવળો અહીં તમને તે વાત કહેવાને આવ્યો છું." તે સાંભળી દશરથે નારદની પૂજા કરીને વિદાય કર્યા. ત્યાંથી જનકરાજા પાસે જઇને નારદે તેમને પણ એ વૃત્તાંત જણાવ્યો. રાજા દશરથ મંત્રી-ઓને બોલાવી, આ વૃત્તાંત કહી, તેમને રાજ્ય સોંપીને યોગીની જેમ કાળવંચના કરવાને માટે ત્યાંથી ચાલી નીકળ્યા. મંત્રીઓએ શત્રુને મોહ ઉપજાવવા માટે દશરથ રાજાની એક લેપ્યમય મૂર્તિ કરાવીને રાજ્યગૃહની અંદર અંધારામાં સ્થાપિત કરી. જનકરાજાએ પણ દશરથની જેમ કર્યું અને તેના મંત્રીઓએ પણ દશરથના મંત્રી-ઓની જેમ જ કર્યું પછી દશરથ અને જનક રાજા અલક્ષ્યપણે પૃથ્વી પર ફરવા લાગ્યા.

વિભીષણ ક્રોધથી અયોધ્યામાં આવ્યો અને ત્યાં અંધકારમા રહેલી દશરથની લેપ્યમય મૂર્તિના મસ્તકને તેણે ખડ્ગથી છેદી નાંખ્યું. તે વખતે સમસ્ત નગરમાં કોલહલ થઇ રહ્યો, અંતઃપુરમાં મોટો આક્રંદધ્વનિ થયો, સામંત રાજાઓ અંગરક્ષક સહિત તૈયાર થઇને ત્યાં દોડી આવ્યા અને ગૂઢ મંત્રવાળા મંત્રીઓએ રાજાની સર્વ પ્રકારની ઉત્તરક્રિયા કરી. દશરથ રાજાને મૃત્યુ પામેલા જાણી વિભીષણ લંકા તરફ ચાલ્યો ગયો. એકલા જનકરાજાથી કાંઇ થઇ શકે તેમ નથી એવું ધારી તેણે જનકને માર્યા નહિ.

મિથિલ અને ઇક્ષ્વાકુ વંશના રાજા જનક અને દશરથ પરસ્પર સાથે રહી, એક અવસ્થાના મિત્ર થઇ પૃથ્વી પર ફરવા લાગ્યા. તેઓ ફરતાં ફરતાં ઉત્તરાપથમાં આવ્યા, ત્યાં કૌતુકમંગળ નગરના રાજા શુભમતિની પૃથ્વીશ્રી રાણીના ઉદરથી જન્મેલી, દ્રોણમેઘની બેન કૈકેયી નામની કન્યાના સ્વયંવરની વાર્તા સાંભળીને તે બંને સ્વયંવરમંડપમાં ગયા. ત્યાં હરિવાહન વિગેરે રાજાઓ આવ્યા હતા, તેઓની વચમાં કમલ ઉપર બે હંસ બેસે તેમ તેઓ ઊંચે આસને બેઠા. રત્નાલંકારથી વિભૂષિત થઇને કન્યારત્ન કૈકેયી જાણે સાક્ષાત્ લક્ષ્મી હોય તેમ તે સ્વયંવરમંડપમાં આવી. પ્રતિહારીના હાથનો ટેકો લઇ દરેક રાજાને જોતી જોતી તે, નક્ષત્રોને ચંદ્રલેખા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લંઘન કરે તેમ ઘણા રાજાઓનું ઉલ્લંઘન કરી ગઈ. અનુક્રમે તે સમુદ્ર પાસે ગંગાની જેમ દશરથ રાજાની પાસે આવી. ત્યાં બેસારૂને ઉતારીને નાવિકા જેમ જલમાં ઊભી રહે તેમ તે ઊભી રહી. પછી તત્કાળ રોમાંચિત દેહવાળી કૈકેયીએ મોટા હર્ષથી પોતાની ભુજલતાની જેમ દશરથના કંઠમાં વરમાળા આરોપણ કરી. તે જોઇને હરિવાહન વિગેરે અભિમાની રાજાઓ પોતાનો તિરસ્કાર થયેલો માની પ્રજ્વલિત અગ્નિની જેમ કોપથી પ્રજ્વલિત થઈ ગયા. 'આ વરાક અને કાપડી જેવા એકાકી રાજાને આ કૈકેયી વરી છે, પણ આપણે તેને ખુચવી લઈશું તો તે પાછી શી રીતે ગ્રહણ કરી શકશે?' આ પ્રમાણે ઘણા આડંબરથી બોલતા તે સર્વ રાજાઓ પોતપોતાની છાવણીમાં જઇને સર્વ પ્રકારે તૈયાર થયા. માત્ર શુભમતિ નામનો રાજા દશરથના પક્ષમાં હતો, તે ચતુરંગ સેના લઈ મોટા ઉત્સાહથી યુદ્ધ કરવાને સજ્જ થયો. એ સમયે એકાકી દશરથે કૈકેયીને કહ્યું કે—"હે પ્રિયા! જો તું સારથી થા તો હું આ શત્રુઓને મારી નાખું." તે સાંભળી કૈકેયી ઘોડાની રાશ લઇને એક મોટા રથ ઉપર આરૂઢ થઇ, કારણ કે તે બુદ્ધિમતી રમણી બોંતેર કળાઓમાં પ્રવીણ હતી. પછી રાજા દશરથ ધનુષ્ય, ભાથા અને કવચને ધારણ કરીને રથ ઉપર ચડયા. જો કે તે એકાકી હતા, પણ શત્રુઓને તૃણની જેમ ગણવા લાગ્યા. ચતુર કૈકેયીએ હરિવાહન પ્રમુખ સર્વ રાજાઓના રથોની સાથે સમકાળે પ્રત્યેકની સન્મુખ પોતાનો રથ વેગથી યોજી દેવા માંડયો, એટલે બીજો ઇંદ્ર હોય તેવા અખંડ પરાક્રમવાળા શીઘ્રવેગી દશરથે શત્રુઓના એકેએક રથને ખંડિત કરી નાંખ્યા. એ પ્રમાણે દશરથ રાજા સર્વ ભૂપતિઓને પરાજિત કરીને પછી જંગમ પૃથ્વી જેવી કૈકેયીને પરણ્યા. પછી રથી દશરથે તે નવોઢા રમણીને કહ્યું કે—"હે દેવી! હું તારા સારથીપણાથી પ્રસન્ન થયો છું. માટે વરદાન માગ." કૈકેયી બોલી—"હે સ્વામી! જયારે સમય આવશે ત્યારે હું વરદાન માગીશ ત્યાં સુધી એ વરદાન તમારી પાસે થાપણરૂપે રહો." રાજાએ તેમ કરવાને કબૂલ કર્યું. પછી હઠથી હરી લીધેલા શત્રુઓના બેસુમાર સૈન્ય સાથે લક્ષ્મીની જેમ કૈકેયીને લઇને અસંખ્ય પરિવારવાળો દશરથ રાજા રાજગૃહ નગરે ગયો અને જનકરાજા પોતાની મિથિલા નગરીમાં ગયો. સમયને જાણનારા બુદ્ધિમાન્ પુરુષો યોગ્ય રીતે જ રહે છે, જેમ તેમ રહેતા નથી રાજા દશરથ મગધપતિને જીતી લઇને રાજગૃહ નગરે જ રહ્યો, રાવણની શંકાથી અયોધ્યામાં ગયો જ નહિ. પછી અપરાજિત રાણી વિગેરે પોતાના અંતઃપુરને ત્યાં બોલાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તમ સંપતિ : ચરિત્ર

લેખક : (ડહેલાવાળા)

નીતિ અને પ્રમાણિકતા કોને કહેવાય, તેનો ખ્યાલ આપને આ પરથી આવશે, હિંદનું નીતિ અને પ્રમાણિકતાનું ધોરણ પણ આવું જ હતું. હિંદના ચારિત્ર માટે સૌ કોઇ માન ધરાવતું હતું. એક સમયે કવિવર્ય રવિન્દ્રનાથ ટાગોર ચીન ગયા ત્યારે એક ચીનીએ તેમને પૂછયું જે દેશના લોકો ઘેર તાળું મારતા નથી, જે દેશના લોકો ખોટું બોલતા નથી, કોઇને છેતરતા નથી, તેવા દેશમાં જે લોકો રહેતા હશે તે કેટલા ભાગ્યશાળી હશે ?

આ વાત સાંભળીને કવિવરની આંખમાં આંસુ આવી ગયા તેમણે કહ્યું: ભાઈ હિંદ દેશ એક વખત એવો હતો. આજે તેવો રહ્યો નથી, આજે હિંદમાં ચોરી થાય છે હિંદના લોકો ખોટું પણ બોલે છે. આજે હિંદના લોકોના ચારિત્રનું ધોરણ અગાઉ જેવું રહ્યું નથી આવી છે આજની પરિસ્થિતિ, આ પરિસ્થિતિ સુધારો માગે છે. આજે સંપત્તિ વધારવાની જેટલી દરકાર રખાય છે. તેટલી કાળજી ચારિત્રરૂપી સંપત્તિ વધારવા માટે રખાતી નથી પરંતુ તમારે એ ખ્યાલ રાખવાની જરૂર છે કે દેશની ઉન્નતિનો આધાર દરેક દેશની પ્રજાના ચારિત્ર ઉપર અવલંબે છે આર્થિક વિકાસ પર નહિ.

આજની દુનિયાનું લક્ષ બુદ્ધિ અને લક્ષ્મી વધારવા તરફ વિશેષ છે, પરંતુ ચારિત્ર વિનાની બુદ્ધિ અને લક્ષ્મી વિનાશને માર્ગે લઈ જાય છે. સુપ્રસિદ્ધ તત્વચિંતક થોરોના શબ્દોમાં કહીએ તો : પ્રકૃતિએ કેટલાક માણસોના મુખારવિંદ ઉપર જ તેમના ચારિત્રની છાપ પાડેલી હોય છે, અને તેથી તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેમનો આદર થાય છે, આવા માણસ ઉપર સૌ કોઈને વિશ્વાસ આવે છે માણસનું ચારિત્ર એજ તેની આંટ છે. ચારિત્ર આપણને ઉચ્ચ ભુમિકા પર લઇ જાય છે, જ્યારે ચારિત્ર વિનાની એકલી બુદ્ધિ આપણને અધોગતિ તરફ લઈ જાય છે. આજે સર્જક શોધોને બદલે વિનાશક શોધો વધતી જાય છે તેનું કારણ પણ એ જ છે

તમે વેપારી તરીકે હો, જૈન તરીકે હો, નોકર તરીકે હો કે મજુર તરીકે હો. પરંતુ તમારૂ ચારિત્ર એવું અવશ્ય હોવું જોઇએ કે તમારા ચારિત્રની અન્ય પર છાપ પડે, ગમે તેવો આર્થિક લાભ તમોને વેપારી તરીકે જૈન તરીકે અધિકારી તરીકે નોકરી મળતો હોય પરંતુ જો તે ચારિત્રને ભોગે નીતિ અને પ્રમાણિકતાને ભોગે મળતો હોય તો તે લાભ જતો કરીને ચારિત્ર નીતિ અને પ્રમાણિકતા તમો જાળવશો તો જ તમો તમારૂં અને તમારા દેશનું ગૌરવ વધારી શકશો,-અમેરિકન ક્રાંતિ દરમ્યાન ત્યાંની કોંગ્રેસના પ્રમુખ જનરલ રીડને બ્રિટિશ કમિશ્નરો એ દશ હજાર ગીનીની લાંચ આપવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંડી ત્યારે જનરલ રીડે શું કહ્યું તે તમોને ખબર છે? તમોને થશે કે, દશ હજાર ગીની કોણ જતું કરે? પરંતુ જનરલ રીડે પૈસાને ઠોકરે માર્યા અને કહ્યું કે: 'ગૃહસ્થો, હુ ગરીબ છું, અતિ ગરીબ છું. પરંતુ મને ખરીદી શકવા જેટલો તમારો રાજા શ્રીમંત નથી. જે દેસમાં આવા રત્નો પાકે છે તે વડે જ દેશનું ગૌરવ વધે છે અને તે દેશ પોતાની ઉન્નતિ સાધી શકે છે.

તમારા બાળકોમાં પણ ચારિત્રની મહત્તા સમજાય અને તમારા બાળકો ચારિત્રને મહત્વ આપે તે માટે પ્રયત્ન કરજો. દેશની દરેક શાળામાં અને એકેએક ઘરમાં ચારિત્રની મહત્તા દર્શાવતા સૂત્રો ટાંગેલા હોવા જોઇએ. ચારિત્ર એજ શકિત છે, ચારિત્ર એજ પૈસો છે ચારિત્ર એજ સર્વસ્વ છે.' વગેરે સૂત્રો દરેક સ્થળે કોતરવા જોઇએ.

ચારિત્ર એ જ સાચી સંપત્તિ છે. ચારિત્રની જે છાપ પડે છે તે મોટા મોટા ભાષણોથી પડતી નથી. ભગવાન મહાવીર અને ગૌત્તમ સ્વામીએ રાજાઓના રાજ્ય ધનવાનોને ધન છોડાવ્યા, મહાત્માજીએ વકીલોના વકીલાત છોડાવી, વેપારીનો વેપાર છોડાવ્યો, શ્રીમંતોની શ્રીમંતાઇ છોડાવી. અને બધાને સ્વતંત્રતા માટે કટિબદ્ધ કર્યા તેનું શું કારણ? શું તેમના ભાષણની તે અસર હતી? તેમની બોલવાની છટાને આભારી છે? તેનું રહસ્ય એ જ છે કે તેમના ચારિત્રની છાપે સૌને આકર્ષ્યા હતા. તેમની કહેણી અને રહેણી એક સરખી હતી, તે કારણે જ સૌ કોઇ તેમનો પડયો બોલ ઝાલી લેતું હતું. અને તેમના તરફ આકર્ષાતું હતું. ઉત્તમ ચારિત્ર એ લોહ ચુંબક છે અને લોહચુંબકની જેમ ચારિત્ર શીલ માણસ તરફ સૌ આકર્ષાય છે.

ભક્ત પ્રહલાદનું નામ તો તમો જાણો છો, તેમના વિષે એમ કહેવાય છે કે તેમણે પોતાના સદ્દવર્તનથી ઇન્દ્ર પ સેથી ત્રણ લોકનુ રાજ્ય લીધું. ઇન્દ્રે પ્રહલાદ પાસેથી, ત્રિલોકનું રાજય પડાવી લેવા માટે યુકિત રચી, તેમણે બ્રાહ્મણનું સ્વરૂપ લીધું, બ્રાહ્મણના રૂપમાં ઇન્દ્ર પ્રહલાદ પાસે ગયા, અને શિષ્ય બનીને તેમની સેવા કરી, તેમની સેવાથી પ્રહલાદ પ્રસન્ન થયા. અને તેમણે જે જોઇએ તે માગવાનું કહ્યું. બ્રાહ્મણના રૂપમાં ઇન્દ્ર કહ્યું મને તમારૂં સદ્દવર્તન આપો,

પ્રહલાદ આ વચન સાંભળીને વિચારમાં પડી ગયા, પરંતુ પોતે વચન આપ્યું હતું ત્યાં શું થાય, ? તેમણે પોતાનું વચન પાળવા. 'તથાસ્તુ' કહ્યું

તેટલામાં પ્રહલાદના શરીરમાંથી છાયારૂપ એક આકૃતિ નીકળી પ્રહલાદે તેને પૂછયું: તું કોણ છે? અને કયાં જાય છે?

તે આકૃતિએ જવાબ આપ્યો. હું ધર્મ છું. અને જયાં સદ્દવર્તન હોય, ત્યાં હું નિવાસ કરૂં તમારામાંથી સદ્દવર્તન જતું રહ્યું. એટલે મારાથી ઘડીભર પણ રહી શકાય નહિ, તમારા બ્રાહ્મણ શિષ્યના શરીરમાં સદ્દવર્તન દાખલ થયું છે. એટલે તેની સાથે રહેવા હું જાઉં છું. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતી મૃગાવતી

હિન્દી મુળ લેખક : મધુકર મુનિ

ગુજરાતી અનુવાદક : હિમાંશુ રમણીકલાલ મહેતા-ભાવનગર.

રાણીની સમયસુચકતાથી દેશ યુદ્ધની જ્વાળાથી વારંવાર બચી ગયો ભવિષ્યની આફતોને ધ્યાનમાં રાખીને નગરની ફરતી કોટોની દિવાલોને મજબુત બનાવી ચારેબાજુ સુરક્ષાની વ્યવસ્થા કરી અને કુમાર ઉદયને શસ્ત્ર-સંચાલનમાં નિપુણ બનાવવા લાગી.

ચંડપ્રદ્યોતન ભવિષ્યની આશા એ લટકી રહ્યો હતો તે ઘણો જ બેચેન બની મૃગાવતિનો પ્રણય સંદેશાની રાહ જોતો હતો. કામબાણથી વિંધાયેલું હૃદય રાજસી સુખોથી પણ બેચેન રહેતું હતું નંદન વનમાં પણ તે સુખનો અનુભવ કરી ન શકતો છેવટે એક દિવસ ચંડપ્રદ્યોતને મૃગાવતિ પાસે એક દુતની સાથે પ્રેમ-સંદેશ મોકલ્યો. મૃગાવતિ સિંહની જેમ તેની ઉપર તૂટી પડી-દુષ્ટ, જા કહી દે તે કુત્તાને જે એક ક્ષત્રિય રાજાની ઉલટી ચાટવા લલચાઇ રહ્યો છે, ક્ષત્રિયાણી પોતાનો જાન દઇને પણ ધર્મની રક્ષા કરી શકે છે. રાણી ક્રોધપૂર્વક હસીને આગળ બોલી તારો રાજા કેવો મુર્ખો છે, જે અત્યાર સુધી મારી વાત સમજી ન શકયો ? યોગ્ય સમયે ફળ મળે તેનો અર્થ શું આ નથી કે જે તેને પોતાની દુર્ભાવનાઓને નહિ છોડી અને પોતાને નહિ સમજાવ્યો તો તેનું પરિણામ તેના માટે ભયંકર આવશે. તે કામ-મૂઢને સમજાવી દે કે તારા જેવો પામર મનુષ્ય તો શું ખુદ કામદેવ પણ મૃગાવતિને પોતાના ચારિત્રથી ડગાવી નહિ શકે.

દૂત પાછો અવંતિ ગયો. રાણીનો જવાબ સાંભળી ચંડપ્રદ્યોતન ક્રોધમાં આવી ગયો. ધુતારી સ્રી મને પણ ઉલ્લૂ બનાવી રહી હતી હવે જુવો તેની ધૂર્તતાનું ફળ ચખાડું છું. ગુસ્સામાં તેને ફરી કૌશમ્બીક પર ચઢાઇ કરી.

કૌશમ્બિનો કિલ્લો પહેલેથી જ લોખંડ જેવો મજબુત બનાવી દીધો હતો. ચંડપ્રદ્યોતનની સેના મહેનત કરીને થાકી પરંતુ કૌશમ્બિકનું દ્વાર તોડીને અંદર જઈ ન શકી અહિંયા નગરમાં જનતા પણ બંધ થઈ ગઇ દેશ ઉપર સંકટના વાદળા ઘેરાયેલા જોઇને મૃગાવતિ એ આત્મબળને જગાડયું તેણે તપાસ્યા શરૂ કરી દીધી વિચાર્યું- તપના પ્રભાવથી સંકટ પણ ટળશે. સંકટમાં ધર્મ જ સહુથી મોટો રક્ષક છે અને જે રૂપ પર તે કામી મુગ્ધ બન્યો છે તે રૂપ પણ રૂપની મોહકતા પણ ક્ષીણ થઇ જશે. આવી રીતે રાજમાતા મૃગાવતિ એ યુદ્ધની તૈયારી કરી સાથે સાથે પોતાને તપ, સ્વાધ્યાય, ધ્યાન એટલે કે પ્રભુભકિતમાં લગાડી લીધું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તનો અવાજ ભગવાન સાંભળે છે—માનો આ વાતની સત્યતા દેખાડવા માટે ભગવાન મહાવીર ધર્મપ્રચાર કરતાં કરતાં કૌશમ્બીના બાગમાં પધાર્યા મૃગાવતિને પ્રભુના પધાર્યાના સમાચાર મળ્યા તેણે પોતાના સેનાપતિને બોલાવી ભગવાનના દર્શનની ઇચ્છા વ્યકત કરી. સેનાપતિએ કહ્યું માતેશ્વરી આ કેવી રીતે બને ? નગરની બહાર ચારેબાજુ દુશ્મનની સેના પડી છે દરવાજો ખોલતા જ સેના નગરમાં ઘુસી જશે અને નગર લુંટી જશે અત્યાર સુધીમાં જે રાજ્યને બચાવવા આપણા હજારો સૈનિકો શહિદ થઈ ગયા તે રાજ્યને દુશ્મનોના હાથમાં સોંપી દેવું તો સહુથી મોટી મુર્ખતા છે.

રાણીએ ગંભીરતાથી કહ્યું—સેનાપતિ આપનું વિચારવું ઠીક છે, પરંતુ મારો આત્મવિશ્વાસ કંઈક બીજુ જ કહી રહ્યો છે જે ધરતી પર પ્રભુના પાવન પગલા ટકી શકે છે ત્યાં ઇતિ-ભીતિ વગેરે બધુ જ સંકટ ગાયબ થઈ જાય છે ભગવાન મહાવીરના દર્શનથી હિંસક પશુઓની હિંસા ભાવના પણ બદલાઈ જાય છે, કાળો વિષધર પણ ઝેર ઉડાડવું ભુલી જાય છે, તે પરમ દયાળું મહાપ્રભુના દર્શનથી શું આ દુષ્ટ કામી માનવનું હૃદય પવિત્ર નહિ થાય ? થશે, જરૂર થશે માનવ મનની પવિત્રતામાં મને વિશ્વાસ છે મારૂં કહ્યું માનો અને કૌશમ્બિકના દ્વાર ખોલી નાખો જોઉં છું કોણ આ નગરીના ધર્માત્મા માણસોને ત્રાસ દેવાનું દુસાહસ કરે છે.

રાણીના સ્વરોમાં અદમ્ય ઉત્સાહ અને અટલ આત્મવિશ્વાસ ગુંજી રહ્યો હતો. ધડકતા હૃદયથી સેનાપતિ એ નગરના બારણા ખોલવાનો આદેશ આપ્યો. અને હજારો સ્રી-પુરૂષોના ઝુંડ સાથે રાજમાતા મૃગાવતિ "ભગવાન મહાવીરની જય" બોલતા બોલતા નગરના બાગની તરફ ચાલવા લાગ્યા એવું લાગી રહ્યું હતું કે માનો યુદ્ધની આગ ઉપર પાણી વરસાવતી શાંતિસેના આગળ વધી રહી છે.

ભગવાનના શરણુમાં મૃગાવતિ ઉપસ્થિત થઈ પ્રભુને વંદન કરીને ધર્મ ઉપદેશ સાંભળવા માટે એકબાજુ આશન પર બેઠી ગઈ. ચંડપ્રદ્યોતન પણ ભગવાનનો ઉપદેશ સાંભળવા મા' ત્યાં આવ્યો હતો.

ભગવાને ધર્મદેશના નો પ્રારંભ કર્યો—મનુષ્યનું જીવન વહેતી નદીના પાણી સમાન ચંચલ એટલે કે અસ્થિર છે. ધન, યૌવન, શકિત એટલે કે સંપતિ બધું જ ક્ષણિક છે મનુષ્યની કામના અને ભોગેચ્છા (ભોગવવાની ઇચ્છા) ઘી રેડેલ અગ્નિની જેમ વધતી જ જાય છે. ભોગ ભોગવવાથી તૃપ્તિ નથી મળતી પરંતુ સંયમથી જ તૃપ્તિનો અનુભવ થાય છે. સંયમ, તપ એટલે કે ત્યાગથી જ જીવનમાં સુખ શાતિ એટલે કે આનંદની પ્રાપ્તિ થાય છે, વાસનાના ચક્રમાં ફસાયેલો જીવ હંમેશા દુર્ગતિમાં ભટકતો રહે છે.

[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજપ્રસાદી

(૮૮) દુઃખનો અભાવ કરવા સર્વ જીવ ઇચ્છે છે. દુઃખનો આત્યંતિક અભાવ કેમ થાય ? તે જણાવાથી દુઃખ ઉત્પન્ન થાય તે માર્ગને દુઃખથી મુકાવાનો જીવ ઉપાય સમજે છે જન્મ-જરા-મરણ મુખ્યપણે દુઃખ છે. તેનું બીજું નામ કર્મ છે, અથવા આ પ્રમાણે પાંચ કારણ છે ૧ મિથ્યાત્વ, ૨ અવિરતી, ૩ પ્રમાદ ૪ કષાય, ૫ યોગ. પહેલા કારણનો અભાવ થયે. બીજાનો અભાવ, પછી ત્રીજાનો અભાવ, પછી ચોથાનો અને છેવટે પાંચમાં કારણનો એમ અભાવ થવાનો ક્રમ છે. મિથ્યાત્વ મુખ્ય મોહ છે અવિરતી ગૌણ મોહ છે. પ્રમાદ અને કષાય અવિરતીમાં અંતર્ભાવી શકે છે યોગ સહચારી પણે ઉત્પન્ન થાય છે ચારે વ્યતિત થયા પછી પણ પૂર્વ હેતુથી યોગ હોઇ શકે.

(૮૯) હે મુનિઓ ! જ્યાં સુધી કેવળ સમવસ્થાન રૂપ સહજસ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો. જીવ કેવળ સ્વાભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કંઇ કરવાનું રહ્યું નથી. જ્યાં જીવનાં પરિણામ વર્ધમાન, હીયમાન થયા કરે છે, ત્યાં ધ્યાન કર્તવ્ય છે અર્થાત ધ્યાન લીન પણે સર્વ બાહ્ય દ્રવ્યના પરિચયથી વિરામ પામી નિજસ્વરૂપના લક્ષમાં રહેવું ઉચિત છે. ઉદયના ધક્કાથી તે ધ્યાન જ્યારે છુટી જાય, ત્યારે ત્યારે તેનું અનુસંધાન ઘણી ત્વરાથી કરવું, વચ્ચેના અવકાશમાં સ્વાધ્યાયમાં લીનતા કરવી સર્વ પર દ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય એકાંત આત્મવૃત્તિ, એકાંત આત્મા, કેવળ એક આત્મા, કેવળ એક આત્માજ, કેવળ મામ આત્મા કેવળ મામ આત્માજ, શુદ્ધાત્યાજ, નિર્વિકલ્પ શબ્દાનિત સહન સ્વરૂપ આત્માજ.

(૯૦) અહો ! આ દેહની રચના ! અહો ચેતન ! અહો ! તેનું સામર્થ્ય ! અહો ! જ્ઞાની ! અહો ! તેની ગર્વપણા ! અહો ! તેમનું ધ્યાન ! અહો ! તેમની સમાધિ ! અહો ! તેમનો સંયમ ! અહો ! તેમનો અપ્રમત્ત ભાવ ! અહો ! તેમની પરમ જાગ્રતિ ! અહો તેમનો વિતરાગ સ્વભાવ ! અહો તેમનું નિરાવણ જ્ઞાન ! અહો તેમના યોગની શાંતિ ! અહો ! તેમના વચનાદિ યોગનો ઉદય ! હે આત્મા ! આ બધું તને સુપ્રતિત થયું છતાં પ્રમત્ત ભાવ કેમ ? મંદ પ્રયત્ન કેમ ? જઘન્ય મંદ જાગ્રતિ કેમ ? શિથિલતા કેમ ? મુંઝવણ કેમ ? અંતરાયનો હેતુ શો ? અપ્રમત્તથા ! અપ્રમત્તથા ! પરમ જાગ્રત સ્વભાવ ભજ ! પરમ જાગ્રત સ્વભાવ ભજ !

(૯૧) તીવ્ર વૈરાગ્ય, પરમ આર્જવ, બાહ્યાભ્યાંતર ત્યાગ, આહારનો જય, આસનનો જય, નિદ્રાનો જય, યોગનો જય, આરંભ પરિગ્રહ વિરતિ, બ્રહ્મચર્ય પ્રત્યે પ્રતિ નિવાસ એકાંત વાસ, અષ્ટાંગ યોગ, સર્વજ્ઞધ્યાન, આત્મ ઇહા, આત્માપ યોગ, મૂળ આત્મોપ યોગ, અપ્રમત્ત ઉપયોગ, કેવળ ઉપયોગ, કેવળ આત્મા અચિંત્ય સિદ્ધ સ્વરૂપ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯૨) એવંભૂત દ્રષ્ટિથી ઋજુ સૂત્ર સ્થિતિ કર.
ઋજુ સૂત્ર દ્રષ્ટિ એવંભૂત સ્થિતિ કર.
નૈગમ દ્રષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર
એવંભૂત દ્રષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.
સંગ્રહ દ્રષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત દ્રષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.
વ્યવહાર દ્રષ્ટિથી એવંભૂત પ્રત્યેજા.
એવંભૂત દ્રષ્ટિથી વ્યવહાર વિનિવૃત કર.
શબ્દ દ્રષ્ટિથી એવંભૂત પ્રત્યેજા.
એવંભૂત દ્રષ્ટિથી શબ્દ વિર્વિકલ્પ કર.
સમભિરૂઢ દ્રષ્ટિથી એવંભૂત અવલોક.
એવંભૂત દ્રષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.
એવંભૂત દ્રષ્ટિથી એવંભૂત થા
એવંભૂત સ્થિતિથી એવંભૂત દ્રષ્ટિ અભાવ.

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

(૯૩) હું અસંગ શુદ્ધ ચેતન છું, વચનાતિત નિર્વિકલ્પ એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ છું. હું પરમ શુદ્ધ અખંડ ચિદ્રધાતુ છું અચિદ્રધાતુના સંયોગ રસને આ આભાસ તો જુઓ! આશ્ચર્યવત આશ્ચર્યવત ઘટના છે કંઈ પણ અન્ય વિકલ્પનો અવકાશ નથી. સ્થિતી પણ એમ જ છે

(૯૪) હે કામ! હે માન! હે સંગ ઉદય! હે વચન વર્ગણા! હે મોહ? હે મોહ દયા! હે શિથિલતા? તમે શા માટે અંતરાય કરો છો? પરમ અસ્રગ્રહ કરીને હવે અનુકુળ થાઓ? અનુકુળ? થાઓ?

(૯૫) હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ દર્શન? તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે. તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રૂચી થઈ, પરમ વિતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો કૃત્ય કૃત્ય થવાનો માર્ગગ્રહણ થયો. હે જિન વિતરાગ તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરૂં છું તમે આ પામર પ્રત્યે અનત અનંત ઉપકાર કર્યો છે.

(૯૬) ૐ નમઃ સર્વજ્ઞ-જિન-વિતરાગ-સર્વજ્ઞ છે રાગ દ્વેષનો આત્યંતિક ક્ષય થઇ શકે છે. જ્ઞાનને પ્રતિબંધક રાગ દ્વેષ છે જ્ઞાન જીવનો સ્વત્વભૂત ધર્મ છે. જીવ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સર્વજ્ઞ પદ વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વાંચવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય, લક્ષ કરવા યોગ્ય અને સ્વાનુભવે સિદ્ધ કરવા યોગ્ય છે.

(૯૭) સર્વ જીવ સુખને ઇચ્છે છે, દુઃખ સર્વને અપ્રિય છે. દુખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે. વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજાવાથી તે દુઃખ મટતું નથી. તે દુઃખના આત્મતિક અભાવનું મય મોક્ષ કહીએ છીએ અત્યંત વિતરાગ થયા વિના આત્મતિક મોક્ષ હોય નહિ. સમ્યગ્ જ્ઞાન વિના વીતરાગ થઈ શકાય નહિ. સમ્યગ્ દર્શન વિના જ્ઞાન અસમ્યક કહેવાય છે. વસ્તુની જે સ્વભાવે સ્થિતિથી, તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને સમ્યક જ્ઞાન કહીએ છીએ.

(૯૮) સમ્યક દર્શનથી પ્રતીત થયેલ આત્મભાવે વર્તવું તે ચારિત્ર છે, એ ત્રણેની એકતાથી મોક્ષ થાય. જીવ સ્વભાવિક છે, પરમાણું સ્વાભાવિક છે. જીવ અનંત છે પરમાણું અનંત છે. જીવ અને પુદ્ગળનો સંયોગ અનાદિ છે. જયાં સુધી જીવને પુદ્ગળ સંબંધ છે ત્યાં સુધી સકર્મ જીવ કહેવાય ભાવ કર્મનો કર્તા જીવ છે. ભાવ કર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે. ભાવ કર્મના હેતુથી જીવ પુદ્ગળ ગ્રહે છે તેથી તેજ આદિ શરીર અને ઔધરિકાદિ શરીરનો યોગ છે. ભવકર્મથી વિમુખ થાય તો નિજભાવ પરિણામી થાય. સમ્યગ દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે સમ્યગ દર્શન થવાનો મુખ્ય હેતુ જિન વચનથી તત્વાર્થ પ્રતિતી થવી તે છે.

(૯૯) હું કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, સહન નિજ અનુભવ સ્વરૂપ છું. વ્યવહાર દષ્ટિથી માત્ર આ વચનનો વક્તા છું પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજિત મૂળ અર્પરૂપ છું. તમારાથી જગત ભિન્ન છે, અભિન્ન છે, ભિન્ના ભિન્ન છે? ભિન્ન અભિન્ન, ભિન્ના ભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી વ્યવહાર દષ્ટિથી તેનું નિરૂપણ કરીએ છીએ જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગત સ્વરૂપે છે. હું સ્વસ્વરૂપે છું, તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે. તે બન્ને દષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે.

(૧૦૦) કેવળ જ્ઞાન એક જ્ઞાન સર્વ અન્ય ભાવના સંસર્ગ રહિત એકાંત શુદ્ધ જ્ઞાન સર્વ દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન તે કેવળ જ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ; નિજસ્વભાવરૂપ છે, સ્વતત્વ ભૂત છે, નિરાવરણ છે, અભેદ છે. નિર્વિકલ્પ છે સર્વ ભાવનું ઉત્કૃત પ્રકાશક છે.

(૧૦૧) હું કેવળ જ્ઞાન સ્વરૂપ છું, એમ સમ્યક પ્રતિત થાય છે, તેમ થવાના હેતુઓ સુપ્રતિત છે. સર્વ ઇન્દ્રિયોએ સંયમ કરી, સર્વ પર દ્રવ્યથી નિજ સ્વરૂપ વ્યાવૃત કરી, યોગને અચળ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦૨) આકાશ વાણી તપ કરો-તપ કરો શુદ્ધ ચૈતન્યનું ધ્યાન ધરો, શુદ્ધ ચૈતન્યનું ધ્યાન ધરો, હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છું, અજન્મ અજર અમર શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.

(૧૦૩) સર્વ પરભાવ અને વિભાવથી વ્યાવૃત, નિજ સ્વભાવના ભાન સહિત, અવધૂતવત્ વિદેહિવત્ જિન કલ્પીવત્ વિચરતા પુરુષ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ

(૧૦૪) સર્વ ચારિત્ર વશિભુત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડવૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારના સાધનના જય અર્થે "બ્રહ્મચર્ય" અદ્ભુત અનુપમ સહાયકારી છે. અથવા મૂળભુત છે.

(૧૦૫) અહો ! સર્વોત્કૃતૃ શાંત રસમય સત્યાર્ગે અહો ! તે સર્વોત્કૃતૃ શાંત રસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞ દેવ અહો ! તે સર્વોત્કૃતૃ શાંત રસ હુપ્રતીત કરાવ્યો એવા પરમ કૃપાળુ સદ્ગુરુ દેવ આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો-જયવંત વર્તો.

(૧૦૬) વિશ્વ અનાદિ છે, આકાશ સર્વ વ્યાપક છે, તેમાં લોક રહ્યો છે, જડ ચેતનાત્મક સંપૂર્ણ ભરપુર લોક છે ધર્મ-અધર્મ આકાશ-કાળ અને પુદગળ એ જડ દ્રવ્ય છે જીવ દ્રવ્ય ચેતન છે ધર્મ અધર્મ આકાશ કાળ એ ચાર અમૂર્ત દ્રધ છે વસ્તુતાએ કાળ ઔપચારિક દ્રવ્ય છે. ધર્મ અધર્મ આકાશ એકેક દ્રવ્ય છે કાળ પુદગળ અને જીવ અનંત દ્રવ્ય છે;

(૧૦૭) સર્વ વિકલ્પનો તર્કનો ત્યાગ કરીને, મનનો-વચનનો-કાયાનો-ઇન્દ્રિયનો આહારનો-નિદ્રાનો જય કરીને નિર્વિકલ્પપણે અંતર્મુખ વૃત્તિ કરી આત્મધ્યાન કરવું. માત્ર અનાબાધ અનુભવ સ્વરૂપમાં લીનતા થવા દેવી. બીજી ચિંતવના ન કરવી. જે જે તર્કાદિ ઉઠે તે નહીં લંબાવતા ઉપશમાવી દેવા

(૧૦૮) પરમ સુખ સ્વરૂપ, પરમોત્કૃતૃ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર ! તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર ! સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃતૃ અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું ત્યાં વિક્ષેપ શો ! વિકલ્પ શો ! ભય શો ! ખેદ શો ! બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ પ્રકૃતૃ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું હું નિજસ્વરૂપમય ઉપયોગ કરૂં છું તન્મય પાઉં છું.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય

( સંપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વરા પાર્શ્વનાથ

લેખક : શરણાર્થી

"વૈતાઢય પર્વતની તળેટીમાં સિંહપુર નગરનો સ્વામી સિંહરથ નામે રાજા છે. તેને બાંધીને મારી આગળ હાજર કરો. તેને જીતનારને મારી પુત્રી જીવયશા અને તેની ઇચ્છા હશે. તેવું એક નગર આપીશ."

વસુદેવ અને કંસે લશ્કર સહીત સમુદ્રવિજયની આજ્ઞાથી લડાઈ કરીને તેને યુદ્ધમાં બાંધીને સમુદ્રવિજય પાસે હાજર કર્યા તેઓ તેમનો જરાસંઘ પાસે લઇ ગયા. જરાસંઘે પોતાના વચનાનુસારે કંસને જીવયશા પરણાવી. અને તેની મરજી મુજબ મથુરા નગરી તેને આપી કંસે જરાસંઘની મદદથી મથુરામાં આવીને પિતાનું રાજ્ય કર્યું કબજે કરીને તેને પાંજરામાં પૂર્યો.

વસુદેવ પણ પરદેશમાં જઇને અનેક પ્રકારની કળા કૌશલ્ય વડે કરીને વિદ્યાધર વગેરેની બહોતેર હજાર સ્ત્રીઓને પરણ્યા.

સંસાર સુખ ભોગવતાં કેટલાક કાળ વહી ગયા પછી અનુક્રમે વસુદેવને રોહિણી પ્રિયાથકી હાથી, ચંદ્ર અને સમુદ્ર એ ચાર સ્વપ્ન સુચિત બળભદ્ર પુત્રનો જન્મ થયો. તેનું રામ નામ એવું પાડ્યું. બારસો વર્ષના આયુષ્યવાનો અને દશ ધનુષ્ય પ્રમાણ શરીરવાળા એવા તેમનું સમાન કાંતિવડે કરીને શોભવા લાગ્યા.

કેટલાક સમય પછી વાસુદેવને દેવકી રાણી થકી છ પુત્રો ઉત્પન્ન થયા. તે વચન પ્રમાણે કંસને સ્વાધીન કર્યા સાતમા ગર્ભ સમયે દેવકીજીને મધ્ય રાત્રીને અંત સિંહ, સમુદ્ર, ગજવિમાન ધ્વજઅગ્નિ અને પદમ સરોવર એવા કૃષ્ણપર્ણવાળો અને હજાર વર્ષના આયુષ્યવાળો મહાપરાક્રમી પુત્રનો જન્મ થતાં જ દેવકીજીના કહેવાથી વસુદેવે તે બાળપુત્રને ગોકુળમાં લઈ જઈ પોતાના મિત્ર નંદને ઘેર ઉછેરવા તે સોંપ્યો.

અનુક્રમે અગીયાર વર્ષ વીતી ગયા ત્યારે કૃષ્ણે કંસને મારીને પ્રસિદ્ધી મેળવી, યાદવપતિ સમુદ્રવિજયે મથુરાનું રાજ્ય ઊગ્રસેનને આપ્યું અને પોતે શૌર્યપુરમાં રાજ્ય કરવા લાગ્યા.

કંસના મરણના સમાચાર સાંભળીને અર્ધ ભારતીય અધિપતિ જરાસંઘ ગુસ્સે થયો અને એ રામકૃષ્ણને પોતાને હવાલે કરવાનો સમુદ્રવિજયને હુકમ કર્યો પણ એ હુકમનો સમુદ્રવિજયે અમલ કર્યો નહિ. તેથી રાજા સમુદ્રવિજયને મગધેશ્વર સાથે વેર થયું રાજા સમુદ્રવિજયથી શિવાદેવી પત્નીએ ઉત્તમ ગર્ભ ધારણ કર્યો અને હાથી, વૃષભ, કેસરીસિંહ, લક્ષ્મી ફુલની માળ, ચંદ્ર સૂર્ય, ધ્વજ, મુળશ, પદ્મ સરોવર વિમાન સમુદ્ર રત્નપુજ અને અગ્નિએ ચાદ નહા સ્વપ્નો જોયા, અનુક્રમે ગર્ભ સ્થીતિ પુર્ણ થયેલ તે એક હજાર વર્ષના આયુષ્યવાળા, શ્યામ વર્ણપક્ષ દશ ધનુષ્ય જેનુ દેહ પ્રમાણ છે. એવા શબ્દ લંછન ધદ પુત્રને જન્મ આપ્યા તેનું અરિષ્ટ નેંગ નામે સ્થાપન કર્યું. અને અરિષ્ટનેમિના જન્મથી સર્વત્ર આનંદ ઉત્સાહ અને ધારા પ્રસર્યો (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વમાન્ય ધર્મ

લેખક : શાહ ચત્રભુજ હરજીવનદાસ

સમય વિનાનું બોલવું,
એ નિજભાન ઉન્માદ;
સમય આવે ઉચ્ચારવું,
જગ અનુભવ સન્માન. ૨૫૫

શેઠ પેટ ને વેઠ ત્રણ,
ગરજ પડે લાચાર;
માન પાન આવકારમાં,
વિનય વિવેકાચાર. ૨૫૬

સ્વઉપકાર જો આવડે,
પર ઉપકાર સુજાણ;
વહે પ્રવાહ ઉલટો જગે,
ભરવા અપજશ ખાણ. ૨૫૭

અહંપણું ઉત્કૃષ્ટ છે,
મારા પણું છે દુઃખ;
હું મારૂં ભેગાવસે,
અહંપણું છે વિમુખ. ૨૫૮

માગે મળે નવ આબરૂ,
વણ માગે ઢમઢોલ;
ગાંઠે નીતી આબરૂ,
એ છે જગ અણમોલ. ૨૫૯

શું જ્ઞાનદાન સોંઘું થયું ?
મોંઘું અન્ન-ધનદાન;
ભવ ભાણા ભુખ એક પણ,
સમજે 'ચતુર' સુજાણ. ૨૬૦

ભાંગે ભુખ ગણતર થકી,
ભણે ન ભાંગે ભૂખ;
ઉદ્યમ વિણ મમતા ઘણી,
એ ભણતર ભુખ દુઃખ. ૨૬૧

ખેતી કળા ને હુન્નરો,
આર્થિકના ત્રણ સૂત,
અપાર વ્યય છે જેહનો;
વ્યાપાર મંગળ મૂર્ત. ૨૬૨

દેશોત્પતિ જો જાળવે,
જાવાદે ન વિદેશ;
ગડેગુલામિ ન દેશમાં,
સ્વરાજ સુખ હંમેશ. ૨૬૩

ખાય ધુળ કરી ધાન્યને,
ગરીબ કે શ્રીમંત;
કાઢે દોષ નસીબ દુઃખ,
ઉધમ વીણ હીંમત. ૨૬૪

ખાય ધાન્ય કરી ધુળને,
ગરીબ કે શ્રીમંત;
આર્થિક સુખ જીવન વધે,
નસીબ વીણ હીંમત. ૨૬૫

ટીપે ભરાય સરોવર,
સઘળા જગના કૃત્ય;
સુકાય સરોવર અંજલિ,
સઘળ જગના નૃત્ય. ૨૬૬

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg G BV-37

# "શ્રી સીમંધર"

શ્રી સીમંધર સ્વામિ જંબુદ્રીપના મધ્ય ભાગે રહેલા મેરૂ પર્વતથી પૂર્વ દિશામાં આવેલ પૂર્વ વિદેહ ક્ષેત્રના ઉત્તર બાજુના પૂર્વ વિભાગના મહાવિદેહ ક્ષેત્રના વિભાગરૂપ બત્રીશ વિજયોમાં આઠમી વિજય પુષ્કલાવતિની રાજધાની પુંડરીક્ષણી નગરીના શ્રેયાંસ રાજાના સત્યક્ષરાણીના ૧૦૦૮ લક્ષણો યુક્ત કુંથુનાથ અને અરનાથના વચગાળામાં શ્રી સીમંધર પરમાત્માના જન્મ ૫૦૦ ધનુષ્યની ઉંચાઈ જન્મ રાશી ધન જન્મ નક્ષત્ર ઉત્તરાષાષામાં રૂક્ષમીણી રાણી વૃષભ લંછન ૨૦ માં મુનિસુવ્રત સ્વામિ અને નમિનાથના આંતરે શ્રી રામચંદ્રજી ભગવાનના જન્મ પહેલા શ્રી સીમંધર પ્રભુની દીક્ષા શ્રી સીમંધર પ્રભુના શાશનમાં ૮ માસને તપ (મર્યાદા) એક અવાજ (સો ક્રોડ) મુનિવરો ૧૦ (દશ) લાખ કેવલ જ્ઞાની ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય. આવતી ચોવીશીના સાતમા અને આઠમાં ભગવંતના વચગાળામાં મોક્ષે જશે. ૮૪ ગણધરો એકકોટી સાધ્વીજી શ્રાવણ વદ–૧ સ્યવન કલ્યાણક વૈશાખ વદ–૧૦ ના જન્મ કલ્યાણક કંચનવર્ણ કાયા.

૮૩ લાખ પૂર્વ રાજયપાળ્યું. ફાગણ સુદિ–૩ દીક્ષા કલ્યાણક ૧ લાખ પૂર્વને દીક્ષા સમય ૧ હજાર વર્ષ કેવળી ચૈત્ર સુદિ–૧૩ ના કેવળ જ્ઞાન–૯૦૦ ક્રોડ શ્રાવકો ૯૦૦ ક્રોડ શ્રાવિકા શ્રાવણ સુદ–૩ ના નિર્વાણ કલ્યાણક શ્રી સીમંધર પરમાત્માને વંદણા હો.

સંક્ષેપકાર—**મુનિચરણવિજયજી**

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી આનંદોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર

For Private And Personal Use Only